# BUSINESS મિત્ર

## સેન્સેક્સ 940.73 પોઇન્ટ ઉછળ્યો, રોકાણકારોની સંપત્તિમાં 6 લાખ કરોડનો વધારો

# ઈરાન-અમેરિકા શાંતિ કરારની આશાએ શેરબજારમાં ઉત્સાહ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ બાદ શાંતિ કરારની દિશામાં આગળ વધ્યું છે અને આ કરાર થઈ જવાના આશાવાદની પાછળ આજે ભારતીય શેરબજાર સહિત વૈશ્વિક બજારોમાં મજબૂતાઈ જોવા મળી છે. આ શાંતિ કરારના આશાવાદની પાછળ ક્રુડ ઓઈલના ભાવમાં કડાકો બોલાયો છે અને ડોલરમાં પણ નરમાઈ રહેતા રૂપિયો મજબૂત થઈને 94ની નજીક સરકતો જોવા મળ્યો છે.

આવતીકાલે સેન્સેક્સની વીકલી એકસપાયરી પુર્વે શેરબજારમાં સુધારા સાથે સાવચેતીનું વલણ રહ્યું હતું, પણ મિડ સેશન બાદ શાંતિ કરારના અહેવાલના પગલે શેરબજારમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. ખાસ કરીને મેટલ, પેઈન્ટસ, ઓઈલ માર્કેટીંગ કંપનીના શેરોમાં ઝડપી તેજી જોવા મળી હતી. જેમાં નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જેમાં રોકાણકારોએ રૂ. 6 લાખ કરોડની કમાણી કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજોની સુરક્ષા માટે નોકાદળના ઓપરેશન પ્રોજેક્ટ ફ્રીડમને અસ્થાયી રૂપે રોકવાની જાહેરાત કર્યા બાદ ઈરાન સાથે સમાધાનની આશા વધી છે. જેની પાછળ ભારતીય શેરબજારમાં સેન્સેકસ તથા નિફ્ટી એક-એક ટકા વધ્યા હતા, જ્યારે બ્રોડર માર્કેટમાં બે-બે ટકાનો વધારો થયો છે. સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી સેકટરને બાદ કરતા એનએસઈના તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. જેમાં બેન્કીગ અને ઓટો શેરોમાં ઉછાળો જોવાયો હતો.

આ ઉપરાંત, ઘરેલુ સ્તરે મેન્યુફેકચરીંગ સેકટરમાં મજબૂતાઈ રહ્યા બાદ આજે સર્વિસીસ સેકટરમાં સુધારો જોવાયો હતો. એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ ઈન્ડેક્સ 57.5 વધીને 58.8 થયો હતો. જ્યારે ઈન્ડિયા કમ્પોઝિટ પીએમઆઈ આઉટપુટ ઈન્ડેક્સ એપ્રિલમાં 57થી વધીને 58.2 થયો હતો.

બીએસઈ સેન્સેક્સ 940.73 પોઈન્ટ એટલે કે 1.22 ટકા વધીને 77958.52 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78000 પોઈન્ટની સપાટી કુદાવીને 78022 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77000 પોઈન્ટની સપાટી તોડીને 76773 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 298.15 પોઈન્ટ એટલે કે 1.24 ટકા વધીને 24330.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24356 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24000 પોઈન્ટની સપાટી તોડીને 23997 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1434 પોઈન્ટ એટલે કે 2.63 ટકા વધીને 55981.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 56000 પોઈન્ટની સપાટી કુદાવી હતી.

બીએસઈ ખાતે બાસ્ફ ઈન્ડિયામાં 28.11 ગણા, આધાર હાઉસીંગ ફાઈ.માં 12.3 ગણા, કોફોર્જ લિ.માં 10.21 ગણા, અંજતા ફાર્મામાં 7.9 ગણા અ જેકે સિમેન્ટમાં 6.88 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે તેજસ નેટવર્કમાં 13.15 ગણા, કોફોર્જ લિ.માં 11.61 ગણા, અજંતા ફાર્મામાં 9.68 ગણા, એસઆરએફ લિ.માં 8.11 ગણા, વોકહાર્ટ લિ.માં 7.38 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઝડપી મજબૂતાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.65 ટકા ઉછળ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 1.74 ટકા ઉછળ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઈ ખાતે 2876 શેરો વધ્યા હતા, જ્યારે 1348 શેરો ઘટયા હતા અને 175 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ કરારના આશાવાદે યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા છે. યુદ્ધના અંતની સંભાવનાએ વૈશ્વિક બજારોમાં મજબૂતાઈ જોવા મળી હતી.

### રૂપિયો રીકવર, 95ની નીચે

કરન્સી બજારમાં રૂપિયામાં ઝડપી રીકવરી જોવા મળી હતી. ઇરાન-અમેરિકા વચ્ચેના શાંતિ કરારના આશાવાદે ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઘટાડો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 68 પૈસા રીકવર થઇને 95ની નીચે સરકીને 94.61ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.29ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.30, પાઉન્ડ 129.60, ઓસ્ટ્રેલિયન ડોલર 68.11, જાપાનીઝ યેન 0.6055 અને સીંગાપોર ડોલર 74.49ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.61 રૂ. |
| યુરો | 111.30 રૂ. |
| પાઉન્ડ | 129.60 રૂ. |
| યેન | 0.6055 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 940.73 | 77958.52 |
| નિફ્ટી | 298.15 | 24330.95 |
| બેન્ક નિફ્ટી | 1434.00 | 55981.05 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 6.65 | 4520.20 |
| ટીએમપીવી | 5.29 | 358.15 |
| શ્રીરામ ફાઇનાન્સ | 4.12 | 1004.10 |
| ટ્રેન્ટ | 3.73 | 4289.80 |
| એશિયન પેઇન્ટસ | 3.66 | 2519. |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 3.16 | 280.80 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.76 | 1437.90 |
| લાર્સન-ટુબ્રો | 1.13 | 4008.50 |
| પાવરગ્રીડ | 1.10 | 315.95 |
| એનટીપીસી | 0.95 | 394.85 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 6.60 | 4519.55 |
| ટ્રેન્ટ | 3.91 | 4292.60 |
| એશિયન પેઇન્ટસ | 3.56 | 2518.85 |
| એસબીઆઇ | 3.38 | 1095.60 |
| એચડીએફસી બેન્ક | 3.11 | 796.60 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 1.80 | 1437.85 |
| લાર્સન-ટુબ્રો | 1.18 | 4008.35 |
| પાવરગ્રીડ | 1.11 | 315.75 |
| એનટીપીસી | 1.00 | 394.70 |
| એચસીએલ ટેક્નો | 0.97 | 1188.90 |

# શેરબજારમાં ડીઆઇઆઇનું વર્ચસ્વ, એફઆઇઆઇના રોકાણમાં ઘટાડો

**નિફ્ટી** 500માં ડીઆઇઆઇનો શેર રેકોર્ડ હિસ્સો 20.9 ટકા પર પહોંચ્યો

મુંબઇ, તા. 16: વૈશ્વિક અનિશ્ચિતતા અને ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ભારતીય શેરબજારોમાં માળખાકીય ફેરફાર જોવા મળી રહ્યો છે. જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત બજારમાંથી નાણાં ઉપાડી રહ્યા છે, ત્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો બજાર માટે સૌથી મોટા સપોર્ટ તરીકે ઉભરી આવ્યા છે. મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસિસે જાહેર કરેલા એક અહેવાલ મુજબ માર્ચ ક્વાર્ટરમાં નિફ્ટી 500 કંપનીઓમાં ડીઆઇઆઇનો હિસ્સો વધીને 20.9 ટકાના રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે, જ્યારે વિદેશી રોકાણકારોની માલિકી ઘટીને 17.1 ટકા થઇ ગઇ છે. રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ 2026માં ઇરાન-ઇઝરાયલ અને યુએસ વચ્ચે વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે વૈશ્વિક બજારોમાં અસ્થિરતા જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન વિદેશી રોકાણકારોનું વલણ નેગેટિવ રહ્યું હતું, પરંતુ સ્થાનિક રોકાણકારોએ બજારને સ્થિર રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ડીઆઇઆઇએ જાન્યુઆરીથી માર્ચ 2026ના સમયગાળા દરમિયાન સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન-એસઆઇપી દ્વારા સતત આવતા ભંડોળના સમર્થનથી બજારમાં 27.2 અબજ ડોલરનું રોકાણ કર્યું હતું. તેનાથી વિપરીત, આ જ સમયગાળામાં એફઆઇઆઇનો પ્રવાહ અસ્થિર રહ્યો હતો અને તેણે 15.8 અબજ ડોલરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું. એકલા માર્ચમાં જ ભૌગોલિક રાજકીય તણાવમાં વધારો થવાને કારણે વિદેશી રોકાણકારોએ 14.2 અબજ ડોલર ઉપાડ્યા હતા.

નિફ્ટી 500ના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં ફોરવર્ડ લુકિંગ લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ શેરોનો હિસ્સો અનુક્રમે 67 ટકા, 22 ટકા અને 11 ટકા રહ્યો છે. અહેવાલમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે સ્થાનિક રોકાણકારો બજારની વધઘટને શોષવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યા છે. આગળના બજારના દૃષ્ટિકોણ પર, મોતીલાલ ઓસ્વાલના અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે જેમ જેમ યુદ્ધનો તણાવ ઓછો થાય છે, તેમ તેમ વિદેશી રોકાણકારો માટે વધુ સારા વાતાવરણની પ્રબળ સંભાવના છે. વિદેશી વેચાણમાં ઘટાડાને પણ બજાર દ્વારા હકારાત્મક લેવામાં આવશે, અને જો સંપૂર્ણ હકારાત્મક રોકાણ પાછું આવે છે, તો બજારમાં વધુ તીવ્ર તેજી જોવા મળી શકે છે.

# 2026ના અંત સુધી રૂપિયો 95 પ્રતિ ડોલરની આસપાસ રહેશે

**ભારત** આંતરરાષ્ટ્રીય તણાવ અને ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટની સીધી અસર રૂપિયા ઉપર પડે છે

નવી દિલ્હી, તા. 6: અમેરિકન ફિચ ગ્રુપની કંપની બીએમઆઈના તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય રૂપિયો 2026ના અંત સુધીમાં અમેરિકન ડોલર સામે લગભગ 95 રૂપિયાની મર્યાદિત રેન્જમાં રહી શકે છે. રૂપિયો હાલમાં 95.20 પ્રતિ ડોલરની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.

અમેરિકન ફિચ ગ્રુપની કંપની બીએમઆઈના તાજેતરના અહેવાલ મુજબ, 2026ના અંત સુધીમાં ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે લગભગ 95 રૂપિયાની મર્યાદિત રેન્જમાં રહી શકે છે. રૂપિયો હાલમાં 95.20 પ્રતિ ડોલરની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ, ખાસ કરીને યુએસ-ઈરાન સંઘર્ષ, ઉભરતી બજાર ચલણો પર દબાણ લાવી રહ્યું છે, પરંતુ ભારતના કિસ્સામાં, ઘટાડો તીવ્ર નહીં હોય. ભારત એક મુખ્ય ઊર્જા આયાત કરતો દેશ છે, તેથી આંતરરાષ્ટ્રીય તણાવ અને ક્રુડ ઓઈલના ભાવમાં વધઘટની સીધી અસર રૂપિયા પર પડે છે. માર્ચ-એપ્રિલ 2026માં રૂપિયો લગભગ 4 ટકા નબળો પડ્યો હતો. બીએમઆઈનો અંદાજ છે કે ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં ભારતનો આર્થિક વૃદ્ધિ દર 7.6 ટકા અને ફુગાવો 3.4 ટકા હોઈ શકે છે, જે આર્થિક સ્થિરતા સૂચવે છે પરંતુ બાહ્ય દબાણનું જોખમ યથાવત છે. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે સંઘર્ષ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ભારતની ચાલુ ખાતાની ખાધ જીડીપીના 1.3 ટકા સુધી વધી શકે છે. આ મુખ્યત્વે ઉર્જા આયાત પરની નિર્ભરતા અને ગલ્ફ દેશોમાંથી રેમિટન્સમાં સંભવિત ઘટાડાને કારણે છે. 2025માં ભારતના કુલ રેમિટન્સના લગભગ 38 ટકા ગલ્ફ દેશોમાંથી આવ્યા હતા.

તે જ સમયે, વિદેશી રોકાણના પ્રવાહમાં ઘટાડો અને મૂડી આઉટફ્લો પણ રૂપિયા પર દબાણ વધારી રહ્યો છે. માર્ચમાં લગભગ 13.4 અબજ ડોલરનો મૂડી પ્રવાહ નોંધવામાં આવ્યો હતો, જે રોગચાળા પછીનો સૌથી મોટો માસિક ઉપાડ માનવામાં આવે છે.

# ભારતીય કંપનીઓએ અમેરિકામાં 20.5 બિલિયન ડોલરનું વિક્રમી રોકાણ કર્યુ

**વિવિધ** સેક્ટરમાં રોકાણથી બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો વધુ મજબૂત બનશે

નવી દિલ્હી, તા. 6: ભારતની ટોચની કંપનીઓએ અમેરિકામાં રોકાણનો નવો રેકોર્ડ બનાવ્યો છે. મેરીલેન્ડમાં 2026 સિલેક્ટ યુએસએ ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં યુએસમાં ભારતીય કંપનીઓ દ્વારા 20.5 બિલિયન ડોલરના રેકોર્ડ રોકાણની જાહેરાત કરવામાં આવી છે. આ રોકાણ વિવિધ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કરવામાં આવશે, જે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવશે.

આ વિશાળ રોકાણ મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ્સ, અદ્યતન પ્રોડક્શન, ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉભરતી તકનીકો જેવા ક્ષેત્રોમાં કેન્દ્રિત છે. આ રોકાણો માત્ર યુએસમાં હજારો નવી નોકરીઓનું સર્જન કરવાની અપેક્ષા નથી, પરંતુ તે બંને દેશોમાં ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરશે અને સંયુક્ત નવીનતાને પ્રોત્સાહન આપશે.

સિલેક્ટ યુએસએ ઇન્વેસ્ટમેન્ટ સમિટએ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સની પહેલ છે જેનો હેતુ યુનાઇટેડ સ્ટેટ્સમાં સીધા વિદેશી રોકાણને આકર્ષવાનો છે. આ વર્ષની કોન્ફરન્સમાં ભારતીય કંપનીઓની ભાગીદારીએ દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં એક નવો અધ્યાય ખોલ્યો છે.

આ પ્રસંગે બોલતા યુએસ રાજદૂત સેર્ગીયો ગોરેએ નવી દિલ્હીમાં સિલેક્ટ યુએસએ કિકઓફ રિસેપ્શનમાં જણાવ્યું હતું કે, 2030 સુધીમાં યુએસ-ભારત દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 500 અબજ ડોલર કરવાના અમારા લક્ષ્યને આગળ વધારવામાં ગર્વ છે.

# ઈંધણના ભાવ વધશે તો 80% પરિવારો ટ્રાવેલ પ્લાન પડતો મૂકશે

**35% લોકો** જાહેર પરિવહનનો ઉપયોગ વધારશે: સર્વે

મુંબઈ, તા.6 : વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપ અને ચૂંટણી પછી સ્થાનિક સ્તરે ભાવ વધારાની જે અપેક્ષા સેવાઈ રહી છે, તેની ગંભીર અસરો મધ્યમ વર્ગના બજેટ પર પડવાની શક્યતા છે. 'લોકલસર્કલ' દ્વારા કરવામાં આવેલા દેશવ્યાપી સર્વેક્ષણ મુજબ, જો પેટ્રોલ અને LPGના ભાવમાં વધારો થશે, તો સામાન્ય જનતા પોતાની જીવનશૈલીમાં મોટા ફેરફારો કરવા મજબૂર બનશે.

સર્વેમાં બહાર આવ્યું છે કે ઈંધણના ભાવ વધવાની સ્થિતિમાં 78% લોકો બિન-આવશ્યક મુસાફરીમાં ઘટાડો કરશે. લોકો હવે ખાનગી વાહનોને બદલે વૈકલ્પિક રસ્તાઓ શોધી રહ્યા છે: 35% લોકો મેટ્રો, બસ અને ટ્રેન જેવા જાહેર પરિવહનનો ઉપયોગ વધારશે.

માત્ર 27% લોકો ઉંચા ખર્ચ છતાં પોતાનો વર્તમાન વપરાશ ચાલુ રાખવાની તૈયારી બતાવી છે.

LPGના ભાવ વધારાનો સામનો કરવા માટે 2 માંથી 1 પરિવાર (આશરે 50%) વપરાશ ઘટાડવાની યોજના બનાવી રહ્યો છે. 48% ગ્રાહકો ઈલેક્ટ્રિક સ્ટોવ અથવા PNG જેવા અન્ય વિકલ્પો તરફ વળશે.

40% લોકો વારંવાર રસોઈ બનાવવાનું ટાળીને ગેસ બચાવશે.

15% લોકો રસોઈ ગેસનો ખર્ચ કાઢવા માટે ઘરના અન્ય ખર્ચાઓમાં કાપ મૂકશે. આ સર્વે 333 જિલ્લાના 43,000 થી વધુ ઘરોમાં કરવામાં આવ્યો હતો, જે દર્શાવે છે કે વધતું જતું ઈંધણનું ભારણ તમામ ક્ષેત્રોમાં મોંઘવારીની વ્યાપક અસર જન્માવશે.

આર્થિક દબાણ અને ભાવ વધારાની શક્યતા

ભારત પોતાની જરૂરિયાતનું 80% થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે. ભૂરાજકીય તણાવને કારણે આયાત બિલ વધતા, વિશ્લેષકો અનુમાન લગાવી રહ્યા છે કે: પેટ્રોલ અને ડીઝલમાં પ્રતિ લિટર 4 થી 10નો વધારો થઈ શકે છે. સ્થાનિક LPG સિલિન્ડરના ભાવમાં 40 થી 50 નો ઉછાળો આવી શકે છે.

# રેમન્ડ રિયલ્ટીના શેરમાં 18%નો તોફાની ઉછાળો

**પ્રી-સેલમાં** મજબૂત બુકીંગના પગલે શેરનો ભાવ ઉછળ્યો

મુંબઇ, તા. 6: ભારતીય શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ભારે વધઘટ જોવા મળી હતી. બીજી તરફ, રેમન્ડ રિયલ્ટીના શેરમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો અને લગભગ 18 ટકાનો ઉછાળો આવ્યો હતો. તેના શેરમાં રેલી માર્ચ 2026 ક્વાર્ટરમાં નવા લોન્ચિંગ પહેલાં અને મજબૂત દૃષ્ટિકોણ પર મજબૂત પ્રી-સેલ્સ ગ્રોથની પાછળ આવી હતી. ઉપલા સ્તરે કેટલાક રોકાણકારોએ આ રેલીનો ફાયદો ઉઠાવ્યો હતો, જેના કારણે સેન્ટિમેન્ટ થોડો હળવો પડ્યો હતો, પરંતુ તે હજુ પણ ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે. હાલમાં તે બીએસઈ પર 15.21 ટકા વધીને 546.65 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે. ઈન્ટ્રા-ડેમાં, તે 17.64 ટકા વધીને રૂપિયા 558.20 પર પહોંચી ગયો હતો.

માર્ચ 2026 ક્વાર્ટરમાં રેમન્ડ રિયલ્ટીનું પ્રી-સેલ્સ બમણું થયું છે અને 104 ટકા વધીને રૂપિયા 743 કરોડ થયું છે. માર્ચ 2026 ક્વાર્ટરમાં કંપનીનું કલેક્શન પણ વાર્ષિક ધોરણે 20 ટકા વધીને રૂપિયા 515 કરોડ થયું છે. સંપૂર્ણ નાણાકીય વર્ષ 2026 માટે, રેમન્ડ રિયલ્ટીનું પ્રી-સેલ્સ વાર્ષિક ધોરણે 30.6 ટકા વધીને રૂપિયા 3023 કરોડ થયું હતું, પરંતુ આ સમયગાળા દરમિયાન કલેક્શન 8.5 ટકા ઘટીને રૂપિયા 1725 કરોડ થયું હતું. પાઈપલાઈન ફ્રન્ટ પર, કંપનીએ થાણેમાં હાઈ સ્ટ્રીટ રિટેલ અને પાર્ક એવન્યુ 2 સહિત ઘણા લોન્ચ કર્યા હતા. તે માહિમ અને કાંદિવલીમાં જેડીએ પ્રોજેક્ટ્સ સાથે પણ આગળ વધી રહ્યું છે.

રેમન્ડ રિયલ્ટીના શેરે રોકાણકારોને મોટો આંચકો આપ્યો છે અને એક વર્ષ કરતા ઓછા સમયમાં તેમની મૂડીમાં અડધાથી વધુનો ઘટાડો કર્યો છે. ગયા વર્ષે, 1 જુલાઈ, 2025ના રોજ, તે બીએસઈ પર રૂપિયા 1055.20ના ભાવે હતો, જે તેના શેર માટે રેકોર્ડ ઉચ્ચ સ્તર છે. આ ઊંચાઈથી 8 મહિનામાં, તે 16મી માર્ચ 2026ના રોજ 66.83 ટકા ઘટીને રૂપિયા 350.00 પર પહોંચ્યો હતો, જે તેના શેર માટે રેકોર્ડ નીચો છે.

# એપ્રિલમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં 75%નો વધારો

**EVનાં વેચાણમાં** ટાટા મોટર્સ અગ્રેસર

**ઇલેક્ટ્રિક** ટુ વ્હીલરના વેચાણમાં 60 ટકાનો વધારો

મુંબઈ, તા. 6 : ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો પ્રત્યેનો ગ્રાહકોનો ઉત્સાહ હવે આંકડાઓમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (FADA)ના તાજેતરના ડેટા મુજબ, એપ્રિલ 2026 માં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોના વેચાણમાં 75.14%નો જંગી વધારો જોવા મળ્યો છે, જે પર્યાવરણ અને આધુનિક ટેકનોલોજી તરફના ભારતના બદલાતા વલણને દર્શાવે છે. પેસેન્જર વાહનોના સેગમેન્ટમાં ટાટા મોટર્સ 8,543 યુનિટના વેચાણ સાથે મોખરે રહ્યું છે. ત્યારબાદ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (5,413 યુનિટ) અને JSW MG મોટર (5,006 યુનિટ) સાથે અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે. માત્ર પેસેન્જર જ નહીં, પરંતુ ઈલેક્ટ્રિક કોમર્શિયલ વાહનોનું વેચાણ પણ બમણાથી વધુ વધીને 2,245 યુનિટ પર પહોંચ્યું છે. ટુ-વ્હીલર સેગમેન્ટમાં 60.73%ના વધારા સાથે કુલ 1,48,740 વાહનો વેચાયા છે. બીજી તરફ, ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલરના વેચાણમાં પણ 3.3% નો સાધારણ વધારો નોંધાયો છે. ભારત સરકારના લક્ષ્યાંક મુજબ, 2030 સુધીમાં ખાનગી કારના 30%, કોમર્શિયલ કારના 70% અને ટુ/થ્રી-વ્હીલરના 80% વેચાણને ઈલેક્ટ્રિકમાં ફેરવવાની યોજના છે. અંદાજ છે કે 2030 સુધીમાં દેશમાં કુલ 191.5 લાખ (19.15 મિલિયન) ઈલેક્ટ્રિક વાહનો રસ્તા પર દોડતા હશે, જે ભારતને ગ્રીન મોબિલિટીમાં વૈશ્વિક લીડર બનાવશે.

**TVS મોટર:** 37,683 યુનિટ સાથે પ્રથમ (88.64% વૃદ્ધિ).

**બજાજ ઓટો:** 32,898 યુનિટ સાથે બીજા ક્રમે.

**એથર એનર્જી:** 27,034 યુનિટ સાથે ત્રીજા ક્રમે (102.78% ની રેકોર્ડબ્રેક વૃદ્ધિ).

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### બ્લડપ્રેશર ઊંચુ હોય

હુંફાળા પાણીમાં રોજ એક લીંબુ નિચોવી, એક ચમચી મધ નાંખી દિવસ મા ત્રણ વાર પીવું.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૦૫૦ |
| તેજાબી સોનું | ૧૫૪૯૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૩૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૧૯૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૦૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૫૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૬૮૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૨ | ૪ | | | ૩ | |
| ૩ | ૧ | ૮ | ૯ | | ૭ | ૬ | ૨ | ૪ |
| | | | | | ૧ | | ૯ | |
| | ૩ | | | | ૫ | ૧ | | ૯ |
| | ૮ | ૧ | | ૩ | ૯ | | ૬ | ૫ |
| | | ૯ | | ૧ | ૮ | ૭ | ૪ | ૩ |
| ૫ | ૪ | | | | ૨ | | | |
| | | | | | ૪ | ૩ | ૧ | |
| | | | | | ૩ | | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## શબ્દગુંફન - ૭૨૧૪

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. હિમાલય (૩)
૪. પથ્થર પર કોતરેલો લેખ (૪)
૬. પરવા વિનાનું (૪)
૮. અસ્થિર (૪)
૧૦. કંકણ, કડું (૩)
૧૨. ક્રાંતિ,આંદોલન (૪)
૧૪. જીતેન્દ્ર - જયા પ્રદાની એક ફિલ્મ (૩)
૧૬. મૂલ્ય (૨)
૧૭. કાવ્યની રચના કરનાર (૨)
૧૮. નસીબ, ભાગ્ય (૪)
૨૦. ધર્મને લગતું (૩)
૨૧. પડતી, અધોગતિ (૩)
૨૩. દિવસ, દહાડો (૨)
૨૪. ટેવ, ગર્વ (૨)
૨૬. સાડીનો લટકતો છેડો (૩)
૨૮. મસાલામાં વપરાતું સોડમવાળું બી (૨)
૨૯. મીઠું (૪)
૩૦. રમતમાં આવતો વારો (૨)

**ઊભી ચાવી**

૨. લઈને નાસી જનારું (૩)
૩. દેખાતું બંધ થવું તે (૨)
૪. પાર્વતી (૨)
૫. ખરીદનારું (૩)
૬. લાગેલું, વળગેલું (૨)
૭. ફળદ્રુપ (૩)
૮. વાંધો, ગોટાળો (૨)
૯. લાજ, અદબ, મર્યાદા (૩)
૧૦. લાગ, કીનો, ગાંઠ (૨)
૧૧. અનાથ બાળક (૩)
૧૩. પ્રધાન (૩)
૧૪. ગોઠવણી, આયોજન (૪)
૧૫. નવાઈનો બનાવ (૪)
૧૬. નોતરું, ઈજન (૩)
૧૯. દિવો, દિપક (૨)
૨૧. ઊપાધિ, દરજ્જો (૨)
૨૨. નર્યું, જંજાળ વિનાનું (૩)
૨૩. દિન, દહાડો (૩)
૨૪. હોડી, વહાણ (૨)
૨૫. શૂરવીર, ભાઈ (૨)
૨૭. થોડાવાળની સેર (૨)
૨૮. જાન, પ્રાણ (૨)

## આજનું પંચાંગ

**તા. 07/05/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** પાચમ: 10:15 પછી છઠ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 17
**યોગ :** સાધ્ય **કરણ:** ગર
**નક્ષત્ર :** પૂ.ષા.:- 18:46
**રાશિ:** ધન (ભ.ધ.ફ.ઢ.) 25:27 પછી મકર (ખ,જ)
**દિવસ :** સામાન્ય- શ્રી ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ-ગોંડલ
**સુરતમાં સૂર્યોદય :** 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:04
**નવકારસી :** 06:54
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 26મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે : 13:30 થી 15:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં પ્રગતિ, પ્રવાસ, પર્યટન, વિદેશ, શિક્ષણ તથા લેખનને લગતાં કામમાં લાભ થાય. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** થાકનો અનુભવ થાય. આવક કરતાં ખર્ચા વધશે. વિવાદથી અશાંતિ પેદા થાય. લેવદ-દેવડથી સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** ઉત્સાહજનક સમાચાર પ્રાપ્ત થાય. ઉંમરલાયકોને યોગ્ય પાત્ર મળે. સમાજમાં યશ મળે. રોજના કામમાં મદદ.

**કર્ક (ડ,હ,):** હિત શત્રુઓથી સાવધાન રહેવું. આવેલી તકનો લાભ લેવો. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.

**સિંહ (મ,ટ,):** જૂના મિત્રોની મુલાકાત થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. શેર, સટ્ટા, લોટરીમાં તક મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** જમીન, મકાન, ઓફિસ કે દુકાન વગેરેની ખરીદવાની યોજનામાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** સ્વભાવ ઉગ્ર બને. વિવાદથી અશાંતિ વધે. અચાનક શુભ સમાચાર મળે. આવક વધારવાની તક મળે.

**વૃશ્ચિક (ન,ય,):** વાણી, બુદ્ધિ શક્તિ અને વહીવટી કુશળતાથી સફળતા મળે. ઘરમાં અશાંતિ સતાવશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા અને હકારાત્મક વિચારોથી પ્રભાવ વધશે. નોકરી-ધંધામાં લાભ થાય. પ્રવાસમાં સાવધાન.

**મકર (ખ,જ,):** ગુપ્ત ભય સતાવે. ધર્મ-કર્મ થાય. સમાજમાં યસ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મિત્રોની મદદથી સામાજિક સમસ્યાનું સમાધાન થાય. પ્રેમમાં અનુકૂળતા રહે. નવા લોકોથી સાવધાન.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધે. ધંધામાં નવા સોદા પાર પડે. સમાજમાં યશ મળે.

## કોઈ પણ સાલમાં 07 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થાય. નવાં કામ, ધંધા-વ્યવસાયમાં હરીફો સતાવે. નોકરીમાં જવાબદારી વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષાઓ સતાવે. સંતાનોના અભ્યાસ-કરીયરમાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. વિદેશનો કામ ધીમાં પડે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે, મિત્રો-વડીલોની મદદ સામાજિક, કાયદાકીય, વારસા, જાયદાત, જમીન વગેરે બાબતે મળતી રહે. ટેકનોલોજીનો લાભ મળે. નવાં રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. યાત્રા-પ્રવાસ ધર્મકર્મ થાય. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 7,16,25 તારીખે નવા કામ કરવા. સફેદ, ગુલાબી રંગનો ઉપયોગ કરતા રહેવું. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ શુક્રવાર 5,14,25 તારીખે નવાં કામ ટાળવાં. લીલો અને લાલ રંગ ઓછો વાપરવો કેતુ-ચંદ્રના ઉપાય કરતા રહેવું.